सत्य मेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૩/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૦૩/૦૩/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૫ |

## રાજકોટના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામઃ રાજકોટ.

ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૬૫૪/૨૦૨૬.
આંકઃ ૦૭

**અરજદાર/આરોપી.**

**દર્શન વિનોદભાઈ ખાચરીયા**
ઉ.વ. ૨૭, વ્યવસાયઃ વેપાર.
રહે. બાલકૃષ્ણ, શેરી નં. ૧,
બાવાવાળા પરા, જેતપુર,
રાજકોટ.

**-// વિરૂધ્ધ //-**

**સામાવાળા.**

(૧) શ્રી સરકાર.

બાબત: બી.એન.એસ.એસ. કલમ ૪૮૨ મુજબ આગોતરા જામીન અરજી.

---

અરજદાર તરફે :- વિધ્વાન વકીલશ્રી આર.પી.ઝાલા.
સામાવાળા તરફે :- વિધ્વાન એ.પી.પી. શ્રી પી.એન.શાહ.

---

<u>ચુ કા દો</u> –

૧. રાજકોટ શહેર, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૫૭૨૫૦૦૬૩/૨૦૨૫, બી.એન.એસ.કલમ–૨૦૪,૨૦૫,૩૦૮(૭),૩૩૭,૬૧(૨) તથા આઇ.ટી.એક્ટની કલમ–૬૬(સી) મુજબના ગુનામાં અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૨ અન્વયે આગોતરા જામીન પર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને નોટીસ બજતા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખેલ છે.

૩. અરજદાર તરફે વિદ્વાન વકિલશ્રીએ દલીલ કરી જણાવે છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. અરજદારનો કોઇ ગુનાહીત ઈતિહાસ નથી. હાલના અરજદાર એકાઉન્ટ હોલ્ડર નથી કે હાલના અરજદારના એકાઉન્ટમાં પૈસા આવેલ નથી.અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે. જેથી હાલના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી દલીલ કરી જણાવે છે કે, તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ ધ્યાને લઇ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલી છે.

૫. બંને પક્ષકારોને સાંભળ્યા, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ વંચાણે લેતા

તેમાં જણાવેલ છે કે આ કામના ફરીયાદીશ્રીને આ કામના આરોપીઓએ પોતે પોલીસ ન હોવા છતા પોલીસ યુનીફોર્મ તથા મુંબઈ ક્રાઈમ બ્રાંચની ઓળખ ચોરી કરી પોતાની ઓળખ પોલીસ તરીકેની બતાવી પૂર્વ આયોજીત કાવતરુ રચી ફરીયાદીને સાયબર આંતકવાદ જેવા ગંભીર ગુનામાં અટક કરવાની બીક બતાવી ફરીયાદીશ્રી ડીઝીટલ ઍરેસ્ટમાં છે તેમ જણાવી નામદાર સુપ્રીમકોર્ટ તથા રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા લખેલા ખોટા દસ્તાવેજો મોકલાવી ફરીયાદીશ્રી પાસેથી કુલ રૂા. ૧,૧૪,૫૫,૦૦૦/- બળજબરીથી પડાવી લઈ ગુનો કર્યાનો આક્ષેપ છે.

તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ વંચાણે લેતા તેમાં જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપીએ સહઆરોપી સુજલભાઈ વિઠલભાઈ લાખાણીના નામના ખાતામાં ટ્રાન્સફર થયેલ હોય તે નાણા હાલના અરજદાર/આરોપીના કહેવાથી નંખાવેલ છે અને સહઆરોપી સુજલ દ્વારા કમીશન મેળવી બાકીના નાણા હાલના અરજદારને આપેલ છે. આ સંજોગોમાં પોલીસ પેપર્સ વંચાણે લેતા તેમજ તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ વંચાણે લેતા અરજદારની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન જરૂરી જણાય છે. વધુમાં નામદાર સુપ્રીમકોર્ટ તથા રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના ખોટા દસ્તાવેજો મોકલી મુખ્ય આરોપીએ ફરીયાદી પાસેથી રૂા . ૧,૧૪,૫૫,૦૦૦/- બળજબરીથી પડાવી લેવાનો આક્ષેપવાળો ગુનામા હાલના અરજદારની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન જરૂરી જણાય છે. વધુમાં નામદાર દીલ્હી હાઈકોર્ટના સી.આર.એલ.એમ.એ. ૨૭૭૧૦/૨૦૨૫, ઉમાકાંત ગુપ્તા વિરૂદ્ધ સ્ટેટ ઓફ એન.સી.ટી. ઓફ દીલ્હીના ચુકાદામાં જણાવેલ છે કે, 15. Thus, considering the overall facts and circumstances of the present case, this Court is of the opinion that the allegations against theapplicant relate to

a serious instance of cyber fraud involving the modus operandi of so-called "digital arrest". Such offences are carried out through technological means to deceive and extort money from unsuspecting victims and, as noticed by the Hon'ble Supreme Court, such cases are increasingly being reported across the country.

16. This Court is of the view that grant of anticipatory bail at this stage is likely to impede the investigation, particularly when custodial interrogation of the applicant is required to unearth the entire modus operandi and the larger conspiracy. ઉપરોકત નામ.દીલ્હી હાઈકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા જેથી અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચીત જણાતુ નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-// **હુકમ** //-

૧. અરજદાર/આરોપીની હાલની અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ, આજ તારીખઃ ૧૮મી, માહેઃ માર્ચ , સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૮/૦૩/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

**(વિજયસિંહ અભેસિંહ રાણા)**
સ્પે.જજ(પોકસો કોર્ટ) અને
એડિશનલ સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ 01510)

*//PBB//*